# કીન્નર: એક ઐતિહાસિક તથા સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી..( NEP ૨૦૨૦ના સંદર્ભે )

પ્રો. પૂજા ધનરાજભાઈ ગઢવી
અધ્યાપક સહાયક,
શ્રીમતિ વી. ડી. ઠક્કર બી.એડ્. કૉલેજ,
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ-કચ્છ

**સારાંશ:**

*પ્રસ્તુત સંશોધન પત્રમાં ટ્રાન્સજેન્ડર અથવા કિન્નર લોકોના ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં અભ્યાસ કરવાનો પ્રયત્ન કરે છે. ભારતીય સંસ્કૃતિ અને સમાજ પ્રકૃતિમાં હોમોફેબિક હોવા છતાં ભારતીય ધાર્મિક તથા બિન ધાર્મિક ગ્રંથોમાં ટ્રાન્સજેન્ડર સમુદાયની હાજરી જોઈ શકાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના વિભાગ ૧ ના પ્રકરણ ૬: સમાન અને સર્વસમાવેશક શિક્ષણ: સર્વોપલબ્ધ અધ્યયન અંતર્ગત મુદ્દા ક્રમાંક ૬.૧માં ટ્રાન્સજેન્ડર લોકોના શિક્ષણમાં સમાવેશનની સાથે તેમની આગવી ઓળખ, તેમના સામાજિક સંસ્કૃતિક વારસાની ઓળખ અંગે વાત કરી છે, ત્યારે પ્રસ્તુત સંશોધન પત્રમાં સંશોધક ભારતના ઈતિહાસમાં ટ્રાન્સજેન્ડર સમુદાયનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો છે. તદુપરાંત ઐતિહાસિક સમયથી તેમના દ્વારા થતાં સમાજ ઉપયોગી કર્યો અંગે ધ્યાન દોરવાનો પ્રયાસ અત્રેથી કરીને કિન્નર અથવા ટ્રાન્સજેન્ડર લોકોના સમાવેશન અંગેની વાત રજુ કરેલ છે.*

---

**ચાવીરૂપ શબ્દો :** *કિન્નર(ટ્રાન્સજેન્ડર), ભારતીય સંસ્કૃતિ, ભારતીય ગ્રંથો, સમાવેશન*

---

## ૧. પ્રસ્તાવના

ભારતીય બંધારણની ભાવના દરેક નાગરિકને તેમના જાતી ધર્મ કે લિંગને ધ્યાને લીધા વિના વિકાસ અને પ્રાપ્તિ માટે સમાન તક પૂરી પડવાની છે. દરેક વ્યક્તિની લીંગની ઓળખ હોય છે. ભારતના મુખ્યત્વે ત્રણ લિંગ જોવા મળે છે. સ્ત્રી, પુરુષ અને નપુસંક (ટ્રાન્સ-જેન્ડર). ટ્રાન્સજેન્ડર એ સામાજિક સમુદાયની વ્યવાસ્યાનો જ એક ભાગ છે. અને તેમને પણ સમાન અધિકાર છે. અને તેથી જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ટ્રાન્સજેન્ડર બાળકોના સમાવેશનની વાત કરવામાં આવી છે. ત્યારે આ ટ્રાન્સજેન્ડર લોકોની હાજરી નવી નથી તેમની હાજરી ભારતીય ઈતિહાસમાં અનાદીકાળ થી જોવા મળે છે. ત્યારે ટ્રાન્સજેન્ડર લોકોના સમન્વય તરફ એક ઐતિહાસિક દ્રષ્ટિકોણથી જોવાનો પ્રયાસ અત્રે કરેલ છે.

## ૨. ટ્રાન્સજેન્ડર સમુદાયનો ધાર્મિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ

ભારતમાં ટ્રાન્સજેન્ડર લોકોને હિજરા, કિન્નર, અરાવનો, જોગ્ગપાઓ કે શિવ-શક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. વેદો તથા પુરાણોમાં પણ 'તૃતીય પ્રકૃતિ' તરીકે કિન્નરો કે ટ્રાન્સજેન્ડર લોકોનો સમાવેશન જોવા મળે છે. જો ટ્રાન્સજેન્ડર લોકોની ઉત્ક્રાંતિ વિષે વાત કરવામાં આવે તો કહી શકાય કે કિન્નરો સદીઓથી ભારતીયોનો જ એક ભાગ હતા. જે અંગેના પુરાવા પણ આપણા ધાર્મિક ગ્રંથોમાં જોવા મળે છે. તો વળી, હિંદુ પૌરાણિક કથાઓ, લોકકથાઓ, મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ, નાટ્યશાસ્ત્ર તથા પ્રારંભિક વેદો, પુરાણો જેવા સાહિત્યોમાં નપુસંક જેવા શબ્દોથી તેમની ઉપસ્થિતિ જણાય છે. આમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦ ના પ્રકરણ ૬ના મુદ્દા ક્રમાંક- ૬.૧માં કિન્નરો કે ટ્રાન્સજેન્ડર સમુદાયના બાળકોના સમાવેશનની હવે વાત કરી હોય પરતું, ભારતીય સંસ્કૃતિમાં આ સમુદાયના લોકોનું સમાવેશ વર્ષો પૂર્વેથી જોવા મળે છે.તથા તેમના સમુદાયની આગવી ઓળખ જોવા મળે છે.

**૩. ભારતીય સાંસ્કૃતિક ગ્રંથોમાં કિન્નર (ટ્રાન્સજેન્ડર) લોકોનો સમાવેશન તથા તેમના સમાજ પ્રેરક કાર્યો**

***૩.૧ રામાયણ***

વાલ્મીકિજી કૃત રામાયણમાં પણ કિન્નરોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં ઉત્તરકાંડના અઠ્યાશીમાં સર્ગમાં કીંપુરુષ તરીકે ઈલરાજાનો ઉલ્લેખ જોવા મળે છે. જેમાં ઈલરાજા પ્રજાજનોને પુત્ર તરીકે પ્રેમ કરતાં દર્શાવ્યા છે. તો વળી, કીંપુરુષ તરીકે રાજા ઈલ પ્રકૃતિમાં રહીને પ્રકૃતિની સેવા કરતાં દર્શાવ્યા છે. જે કીન્નરોનો પ્રકૃતિપ્રેમી તરીકેનો ભાવ દર્શાવે છે. તો વળી કિન્નરોની ઉત્પતી દર્શાવે છે.

***૩.૨ રામચરિત માનસ***

ગોસ્વામી તુલસદાસજી કૃત રામચરીત માનસમાં તુલસીદાસજીએ કુલ ૨૬ વખત કિન્નર શબ્દનો ઉપયોગ કરી ત્રેતા યુગથી જ કિન્નરોના સમાવેશનની વાત કરી છે. જેમાં તુલસદાસજી જુદાજુદા કાંડમાં કિન્નર સમુદાયનો ઉલ્લેખ કરી તેમનું સમાજમાં પ્રદાન દર્શાવ્યું છે.

***૩.૩ ઉત્તરકાંડ***

ઉત્તરકાંડમાં જયારે ભગવાન રામ તમસાનદીના કિનારે ઉતરે છે ત્યારે ત્યાં કિન્નરોને જોવે છે. અને તેમને પૂછે છે કે તમને કેમ ખબર પડી કે અમે પાછા આવીએ છીએ ત્યારે કિન્નરોએ કહ્યું કે અમે ૧૪ વર્ષથી અહી જ તમારી વાટ જોઈએ છીએ. આ પ્રસંગ આદિકાળથી જ કિન્નર સમુદાયના પ્રેમ અને પ્રતીક્ષાની સાક્ષી પૂરે છે.

આવી જ રીતે અનેક જગ્યાએ શ્રી તુલસીદાસજીએ રામચરિત માનસમાં કિન્નરોના સમાવેશનની વાત કરીને આ સમુદાયને ખુબ જ પ્રેમ, આદર અને સન્માન આપીને ભારતીય સંસ્કૃતિમાં દરેક લિંગના લોકોના મહત્વને સ્વીકારવાની ઝાંખી આપે છે.

***૩.૪ મહાભારત***

મહાભારતના પણ અનેક પર્વમાં કિન્નરોની વાત કરવામાં આવી છે.

**૪. પાંડવ પ્રવેશ પર્વ (બીજો અધ્યાય)**

अर्जुन उवाच
प्रतिशां पण्डकोऽस्मीति करिष्यामि महीपते ।
ज्याघातौ हि महान्तों मे संवर्तु नृप दुष्करौ ॥ २५ ॥
वलयैश्छादयिष्यामि वाह किणकृताविमौ ।
गीतं नृत्यं विचित्रं च यादित्रं विविधं तथा।
शिक्षयिष्याम्यहं राजन् विराटस्य पुरस्त्रियः ॥ २९ ॥

અર્થાત આ શ્લોક અર્જુન યુધિષ્ઠીરને કહે છે કે તેઓ વિરાટ રાજાના દરબારમાં એક નપુસંક તરીકે રહેશે અને ત્યાંની સ્ત્રીઓને ગીત ગાવું, નૃત્ય કરવું તથા વિવિધ પ્રકારના વાદ્ય વગાડવાની શિક્ષા આપીશ. આ પ્રસંગમાં અર્જુને પોતાને નપુસંક અને બૃહન્નલા કહયું છે. આ સમય દરમિયાન ઉર્વશીના શ્રાપથી તેઓ નપુસંક બની ગયા હતા. આ પ્રસંગ નપુસંક અર્થાત કિન્નરોને શિક્ષક તરીકે દર્શાવીને તેમના સ્વીકારની વાત કરે છે. જે દર્શાવે છે કે ભારતીય સંસ્કૃતિમાં શિક્ષક તરીકે કિન્નરોને પણ સ્વીકારની સાથે સાથે માન આપવામાં આવે છે.

**૫. ભીષ્મપર્વ (૬૯મો અધ્યાય)**

शिखंडिनं तमासाद्य भरतानां पितामह।
अवर्यतज्ज संग्राम स्त्रीत्वं तस्यसात्रुसंस्मरन ।।
'शिखंडी समररामर्षी सूरश्च स्त्रमितिअजयः ।

यथा भवत्स्त्री पूर्व पश्चात् पुंस्तवं समागत ।।

અર્થાત ઉપર્યુક્ત શ્લોક શિખંડી વિશે વાત કરે છે. શિખંડી એક સ્ત્રી તરીકે જન્મેલા પરંતુ આજીવન એક પુરુષ તરીકે, યોદ્ધા તરીકે જીવન વ્યતિત કરેલ. તેઓ કુરુક્ષેત્રમાં પાંડવોની સહાય માટે આવેલા ત્યારે અર્જુનને તમનો ઢાલ તરીકે ઉપયોગ કરીને ભીષ્મ પર વાર કરે છે. ત્યારે ભીષ્મ સ્વયં કહે છે કે મને માત્ર શિખંડી જ હરાવી શકે છે. શિખંડી રૂપ કિન્નરને ભીષ્મે વારં વાર પ્રણામ કર્યા છે. જે કિન્નરોનું મહત્ત્વ દર્શાવે છે. જે તેમની બુદ્ધિ તથા શક્તિના દર્શન કરાવે છે.

**૬. નાટ્યશાસ્ત્ર**

ભારતીય સમાજમાં પ્રાચીનકાળથી જ કિન્નરોની ભૂમિકા રહી છે. જેના અનેક ઉદાહરણ મળે છે. ભરતમુની બ્રહ્માજી પાસેથી નાટ્યકલા શીખ્યા હતા. આ નાટ્યકલા તેમણે તેમના એક સો પાંચ શિષ્યોને શીખવાડીને નાટ્યમાં પારંગત કરાવ્યા હતા. આ એક સો પાંચ શિષ્યોમાંથી એક શિષ્ય શંડ હતા. આ શંડ નામધારી નર્તક કિન્નર હતા. આ પ્રસંગ આદિકાળથી જ કિન્નરોના શિક્ષણમાં સમાવેશ અંગેનું પ્રમાણ આપે છે.

આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની સ્થાપત્ય કલાઓ પણ ભારતીય સંસ્કૃતિમાં કિન્નર સમુદાયના સમાવેશન તેમના સ્વીકાર અંગેના પ્રમાણ આપે છે. સાંચી, અમરાવતી, નાગર્જુન્કોંડા, ખજુરાહો તથા અજંતાની ગુફાઓ જેવી વિવિધ જગ્યાએ સ્થાપત્ય કલાઓમાં કિન્નર સમુદાયની ઝાંખી થાય છે.

**૭. સમાપન**

ભારત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ધાર્મિક અને પરંપરાગત રીતે વૈવિધ્યસભર રાષ્ટ્ર છે. વિશ્વના પૌરાણિક રાષ્ટ્ર તરીકે આપના દેશનો ઈતિહાસ લાંબો, રસપ્રદ અને મહાન છે. ભારતમાં કિન્નરો કે ટ્રાન્સજેન્ડર લોકોનો ખ્યાલ નવો નથી, તેઓ આપના પ્રાચીન ઈતિહાસમાં પણ ઓળખાયા છે. તેઓ એક જૂથ કે સમુદાય તરીકે હિંદુ પૌરાણિક કથાઓ અને અન્ય ગ્રંથોમાં મજબુત ઐતિહાસિક હાજરી દર્શાવે છે. આપણી સંસ્કૃતિએ સૌના સમન્વયની સૌના સ્વીકારની સંસ્કૃતિ છે. હાલના સમય આ સમુદાયને વિચિત્ર નજરે જોવામાં આવે છે, ભલે તેમના શિક્ષણ અંગે ૨૧મી સદીમાં વાત કરવામાં આવી હોય, પરંતુ ભારતીય સંસ્કૃતિ તો યુગોથી આ સમુદાયના લોકોને મહત્ત્વ આપી તેમને પ્રભુના પ્રિય તરીકે સ્વીકારી તેમને યુદ્ધ,ધર્મ, શિક્ષણ જેવા દરેક ક્ષેત્રે તેમને અગ્રીમ સ્થાન અપાયું છે.

**સંદર્ભસૂચી**

૧. મહર્ષિ વાલ્મીકી પ્રણિત, શ્રીમદ્વાલ્મીકીય રામાયણ, ગીતાપ્રેસ ગોરખપુર.
૨. શ્રીમદ્વાસ્વામી તુલસીદાસજી, શ્રી રામચરિત માનસ, ગીતાપ્રેસ, ગોરખપુર.
૩. મહર્ષિ વેદવ્યાસ, મહાભારત, ગીતાપ્રેસ, ગોરખપુર.
૪. મોરારીબાપુ, માનસ કિન્નર (૨૦૧૮). શ્રી ચિત્રકુટધામ,તલગાજરડા.
૫. Habin, H., Transgender community in India (2021). international journal of multidisciplinary of educational research (vol. 10).
૬. Michelraj, M. historical evolution of transgender community in India (2015). Asian review of social science (vol. 4)